અપીલ અરજી નં.૪૭ તા.૧૦–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણ

સામાવાળાઃ– ડે.કમિશ્નર((સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણની તા.૫–૩–૧૦ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૯ ફા.પ્લોટ નં.૬૦ એ નંદનવન કો.ઓપ.હા.સો.લી.ના બંગલા નં.૨૯ના બાંધકામ દુર કરવા બાબતે માંગવામાં આવેલ **STATUS** ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૭/૨૦૧૦–૧૧

શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણની તા.૫–૩–૧૦ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૯ ફા.પ્લોટ નં.૬૦ એ નંદનવન કો.ઓ.હા.સો.લી.ના બંગલા નં.૨૯ના બાંધકામ દુર કરવા બાબતે માંગવામાં આવેલ **STATUS** ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આ.૯૮૪ તા.૨૩–૩–૧૦ થી આપેલ માહિતી ઉડાઉ અને મશ્કરીપાત્ર સમાન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્રનં.આરટીઆઈ સેલ/૨૩૨ તા.૧૯–૫–૧૦ થી ડે.કમિશ્નર((સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને આપે અપીલ અરજી સાથે આરટીઆઈ એકટના નિયમ–૬ હેઠળ મૂળ અરજીની ફી ની વિગત સહ સામેલ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે./અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૯૬ તા.૨૮–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નં.ટીડીઓ/૩૫૯૫ તા.૧૪–૯–૦૯ ના રોજ સદર મિલ્કત બાબતે પાઠવેલ તાકીદના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૮૪ તા.૨૩–૩–૧૦ ના પત્રની નકલ, નં.સા.વે./અઠવા/આરટીઆઈ/આ.નં.૧ ૭૧ તા.૨૧–૫–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૧–૫–૧૦ થી નિયત નમુનામાં અપીલ ફોર્મ ભરી તેની સાથે ફી ભર્યાની રસીદ મુળ અરજીની નકલ, તાકીદના પત્રની નકલ તથા મળેલ માહિતીના પત્ર નં.૯૮૪ તા.૨૩–૩–૧૦ ના પત્રની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૫–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને અઠવાઝોન તરફથી નં.સા.વે./અઠવા/આરટીઆઈ/આ.નં.૯૮૪ તા.૨૩–૩–૧૦ થી અરજદારને " માંગેલ માહિતી અન્વયે ટીપી સ્કીમ નંબરના ૯ , ફા.પ્લોટ નં.૬૦/એ નંદનવન કો.ઓ. હા.સો.લિ. ના બં. નં.૨૯ ના બાંધકામ અંગે માંગવામાં આવેલ સ્ટેટસ છે જે જાણ માટે. તેવું જણાવેલ. જે અંગે અરજદારે સ્ટેટસ અંગે કશું પણ જણાવેલ નથી અને ઉડાઉ અને મશ્કરીપાત્ર સમાન જવાબ આપેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે સ્પષ્ટ જવાબની ટીડીઓ/૩૫૯૫ તા.૧૩–૯–૦૯ ની નોટીસના અનુસંધાને સ્ટેટસની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પત્ર નં. નં.સા.વે./અઠવા/ આરટીઆઈ/ આ.નં. ૧૭૧ તા.૨૧–૫–૧૦ થી સદર અરજી સંદર્ભે જવાબ મોકલવામાં આવેલ જેમાં ટાઈપોગ્રાફીક એરર હોવાથી " આપના ધ્વારા રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની માંગેલ માહિતી અન્વયે ટીપી સ્કીમના ૯, ફા.પ્લોટ નં.૬૦/એ નંદનવન કો.ઓ.હા.સો.લિ. ના બંગલા નં.૨૯ ના બાંધકામ અંગે માંગવામાં આવેલ સ્ટેટસ યથાવત છે જે જાણ માટે તેવું જણાવેલ છે. આમ અરજદારને સ્ટેટસ અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)

અને એપેલેટ ઓફિસર

સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી છગનભાઈ ભગાભાઈ ચૌહાણ,